

(તસવીરઃ ગૌતમ ડોડિયા)

### ભરૂચના સુડી ગામમાં

# સોલારિઝમના નામથી લગાવાયેલા ૫૦ મેગા વોટ્સના સોલાર પ્લાન્ટની શરૂઆત

ભરૂચ, તા.૨

સુરતના કે. પી. ગ્રુપ દ્વારા ભરૂચ-જંબુસર રોડ પર આવેલા સુડી ગામ ખાતે 'સોલારિઝમ'ના નામથી સોલાર દ્વારા વીજળી ઉત્પન્ન કરવાનો પ્રોજેક્ટ ૨૯૦ એકર જમીન પર નાંખવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્ન અંતર્ગત બનાવાયેલા આ પ્લાન્ટમાંથી ૫૦ મેગાવોટ્સ વીજળી ઉત્પન્ન કરાશે. ૧ મેગાવોટ્સમાં ૪૦૦૦ પેનલ બેસાડવામાં આવે છે. ૫૦ મેગાવોટ્સ થકી એક વર્ષમાં ૮.૫ કરોડ યુનિટ પેદા કરવાનું આયોજન છે. આ પ્રોજેક્ટની ખાસિયત એ છે કે તેમાં સોલાર દ્વારા વીજળીના સાથેસાથ તેની નીચેની ઉપજાવ જમીનમાં ખેતી કરી ઘઉં અને વિવિધ શાકભાજીના પાક લઈ શકાશે. જેથી, ખેતી લાયક જમીનનો પણ બે પ્રકારે યોગ્ય ઉપયોગ કરી શકાશે. તેની આ જ વિશેષતાથી આકર્ષાયને આજે ૨ એપ્રિલને ગુરુવારના રોજ ગુજરાતના એનર્જી અને પેટ્રોલિયમ ડિપાર્ટમેન્ટના પ્રિન્સિપાલ સેક્રેટરી એલ. ચુઆન્ગોએ આ પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. અને તેની ઝીણવટભરી જાણકારી કેપી ગ્રુપના ચેરમેન ફારૂકભાઈ પટેલ પાસેથી મેળવી હતી. ચુઆન્ગો આ પ્રોજેક્ટથી ખુબ જ પ્રભાવિત થયા છે અને તેઓ કેન્દ્ર સરકારમાં તેનો રિપોર્ટ કરશે. જેથી, જમીનના બેવડા ઉપયોગવાળી યોજના અમલી બનાવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સોલાર દ્વારા ૧૦૦ ગીગાવોટ્સ વીજળી પેદા કરવાના સપનાને સાકાર કરી શકાય.

કેપી ગ્રુપના ચેરમેન ફારૂકભાઈ પટેલે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટનો વિચાર એમને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૦૦ ગીગાવોટ્સ વીજળી પેદા કરવાના સ્વપ્ન પરથી આવ્યો છે. અમે ઉપજાવ જમીનને વ્યર્થ જવા દેવા માંગતા ન હતા જેથી, અમે સોલાર પેનલની જમીનનો ઉપયોગ ખેતી માટે કરવાનું શરૂ કર્યું અને અમને સફળતા મળી. અમે પ્રાથમિક તબક્કે પાંચ મેગાવોટ્સ પ્લાન્ટની જમીન પર ઘઉં ઉગાડ્યા અને તેમાં અમને સફળતા મળી. અમે ૩૦૦ ક્વીન્ટલ ઘઉંનો પાક લણ્યો. એ જ રીતે અમે થોડા વિસ્તારમાં ભીંડી, રિંગણ, સહિતના શાકભાજી પણ ઉગાડી લણ્યા છે. સફળતા મળતા અમે પુરા પ્લાન્ટમાં અનાજ-શાકભાજી ઉગાડીશું અને દેશને નવો રાહ ચિંધશું.

ફારૂકભાઈએ વધુમાં કહ્યું હતું કે જો અમારી પદ્ધતિથી સોલાર પ્લાન્ટ નંખાય તો વડાપ્રધાન મોદીના ૧૦૦ ગીગા વોટ્સ વીજળી પેદા કરવા માટે માત્ર દેશની ૧ ટકા જ જમીનનો વપરાશ થાય અને ખેડૂતોને નુકશાન પણ ન થાય.

કેપી ગ્રુપના સીઓઓ એસ. હસને વધુ પ્રકાશ પાડતા કહ્યું હતું કે ગુજરાતની વિશેષતા એ છે કે અહીં ૩૬૫ દિવસમાંથી ૩૩૦ દિવસ સુર્યના કિરણો મળે છે. જેથી સોલારથી વિજળી ઉત્પન્ન કરવામાં અહીંની વાતાવરણ ખુબ અનુકુળ છે. દેશમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં સોલારથી વીજળી પેદા કરવામાં સારી સફળતા મળી શકે છે.

### કેમ જરૂરી થઈ પડ્યું સોલાર?

૩૫૦૦૦ ગામો અને ૩૦ કરોડ લોકો સુધી હજી વીજળી પહોંચી નથી. તે માત્ર સોલારથી સંભવ છે.

હાલ દુનિયામાં એનર્જી માટેના ઓઈલ, કોલસો, પાણી જેવા સોર્સ અડધા ખતમ થઈ ગયા છે જે આગામી ૩૦, ૪૦ વર્ષમાં પુરા ખતમ થઈ જશે.

૧૯૯૭માં ભારત ૫૭ ટકા એનર્જી સોર્સ ઈમ્પોર્ટ કરતું હતું તે ૨૦૨૦ સુધી ૯૨ ટકા થઈ શકે.

જો ભારતને ૧ ગિગા જુલ વધારવો હોય તો ૧૨૫૦ મિલિયન યુનિટ રોજ પેદા કરવું પડે જે મુશ્કેલ છે.

વડાપ્રધાન મોદીના સાલ ૨૦૧૯ સુધીમાં ૨૪ કલાક પાવર આપવાના સપનાને સોલાર દ્વારા જ સાકાર કરવું સંભવ.

અત્યાર સુધી દેશમાં ૩૦૦૦ મેગાવોટ્સ વીજળી સોલારથી ઉત્પન્ન થાય છે.

**આખા દેશમાં સોલાર પ્લાન્ટ નંખાય તો ૧ ટકા જમીનનો ઉપયોગ કરી વડાપ્રધાન મોદીનુ ૧૦૦ ગીગા વોટ્સ વીજળી ઉત્પન્ન કરવાનું સપનું પાંચ વર્ષમાં પુરુ થાય અને સાથે પાક પણ લઈ શકાય**